# જુનાડીસાના ફરજ નિષ્ઠ મેડિકલ ઓફિસરની આકસ્મિક બદલી

## ગામમાં ભારે ઉહાપોહ : જન આંદોલનના ભણકારા

જુનાડીસા

ડીસા તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ૨૪ વર્ષથી સંનિષ્ઠપણે ઉમદા ફરજ બજાવતા કર્મનિષ્ઠ મેડિકલ ઓફિસરની આરોગ્ય વિભાગે અચાનક બદલી કરી દેતા ગામમાં ઉહાપોહ સર્જાયો છે જેને લઈ જન આંદોલનના ભણકારા સાંભળવા મળી રહ્યા છે.




જુનાડીસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર ડો. કપુરજી જાટે ફરજ નિષ્ઠા, સરળ સ્વભાવ અને પ્રમાણિકતાના દમ ઉપર 'જન સેવા એજ પ્રભુ સેવા' ઉક્તિને સાચા અર્થમાં સાકાર કરી બતાવી છે તેમની સારવારનો લાભ ગામ સહિત આજુબાજુના ગામોની પ્રજા પણ લે છે. વાદવિવાદ વગર સતત નિયમિત ફરજ અને સારવારને લઈ તેમણે ગામલોકોના દિલોમાં આદરભર્યું સ્થાન જમાવ્યું છે જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે તેઓ મસીહા પુરવાર થયા છે. દર્દીઓની સેવામાં સમર્પિત આ મેડિકલ ઓફિસરની ગઈકાલે બીજી ડિસેમ્બરે જિલ્લા આરોગ્ય અધિકારીએ તઘલઘી નિર્ણય લઈ અચાનક બદલી કરી દીધી હતી જે સમાચાર વાયુવેગે ગામમાં પ્રસરી ઉઠતા ગામલોકોએ આઘાતનો આંચકો અનુભવ્યો હતો. ગામ લોકોએ ભાજપ શાસનમાં પ્રમાણિક કર્મચારીઓ જ દંડાતા હોવાના ગંભીર આક્ષેપો કરી તેમની તાત્કાલિક અસરથી બદલી રોકવાની લાગણી વ્યક્ત કરી હતી. તેમ છતાં બદલી રદ નહિ કરાય તો આજે મંગળવારે ગામ લોકોની મળનારી સામુહિક બેઠકમાં આંદોલનની રણનીતિ ઘડી કઢાશે તેમ સરપંચ બબાભાઈ દેસાઈએ જણાવ્યું હતું. લોક લાગણીને ધ્યાને લઈ જિલ્લા આરોગ્ય તંત્ર સાથે પ્રજાના પ્રતિનિધિઓ પણ હસ્તક્ષેપ કરે તેવો જનમત પ્રવર્તે છે.

# પ્રાંતિજ ખાતે શિવ રેસીડેન્ટ સોસાયટીમાં નર્મદાની મેન લાઈનમાં ભંગાણ થતા પાણીની નદીઓ વહી



પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શિવ રેસીડેન્ટ સોસાયટીમાં નર્મદાની મેન લાઈનમાં ભંગાણ થતાં સોસાયટીમાં પાણીની નદીઓ વહેતી થઈ હતી. હજારો લિટર પાણીનો પણ વેહ થયો હતો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ માતૃછાયા સોસાયટીની પાછળના ભાગે આવેલ શિવ રેસીડેન્ટ સોસાયટીમાં છેલ્લા કેટલાય દિવસથી નર્મદાની પીવાના પાણીની લાઈનમાં ભગાણ પડતા સોસાયટીમાં બીન બાદલ-બીન બારીસ નદીઓ વહેતી થઈ છે. હજારો લિટર શુધ્ધ પાણીનો પણ બગાડ થઈ રહ્યો છે. સોસાયટીના રહીશો દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં તથા સ્થાનિક કોર્પોરેટરોને જાણ કરવા છતાં કોઈ જ કાર્યવાહી હાથ ધરવામા આવી નથી. હાલ કાચબાની ગતિએ કામ ચાલું કરતાં રહીશોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ પાણીના ભરાવાને લઈને મચ્છર જન્ય રોગોનો ભય સતાવી રહ્યો છે. બીજી બાજુ છેલ્લા ત્રણ દિવસથી રોડની વચ્ચે ખોદકામ કરીને કોઈ અહીયા ના ફરકતા સોસાયટીનો મેન રસ્તો બંધ થતાં રહીશોને પોતાના વાહનો બાજુની સોસાયટીઓમાં મુકવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો સોસાયટીના રહીશો પાણીની લાઈનમાં પડેલ પંચર તાત્કાલિક રીપેરીંગ થાય તેવી માંગ પણ ઉઠવા છે.

# પોશીનામાં ડેન્ગ્યુએ દેખા દેતાં લોકોમાં ફફડાટ

ખેડબ્રહ્મા, તા. ૨

પોશીના વિસ્તારમાં હાલ બે ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. જેમો પોશીના ગામમાં મચ્છરોના ઉપદ્રવથી પોશીના ગામના ત્રણથી ચાર વ્યક્તિઓને ડેન્ગ્યુનો પોઝિટિવ રિપોર્ટ આવતા ગામમાં ફફડાટ ફેલાયો હતો. જે અંગેની વિગત અનુસાર પોશીના ગામના વ્યક્તિઓને તાવની અસર વર્તાતા તેઓ ખેડબ્રહ્મા અને ઈડર ખાતે સારવાર માટે ગયા હતા. જો તેઓના લેબોરેટરી પરિક્ષણમાં તેમના ડેન્ગ્યુનો રિપોર્ટ પોઝિટિવ આવતા ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવામાં આવી હતી. જ્યારે આ દર્દીઓએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલ હોય સરદાર સરકારી હોસ્પિટલમાં આ કેસો નોંધાય ન હતા. શુભમકુમાર જી. પ્રજાપતિ, બિલાલ જાકીરભાઈ મેમણ, પાર્થકુમાર એમ. પટેલ, સોબીયાબાનુ આઈ. મેમણને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો હતો.




વડાલી સત્તાવીસ સુથાર સમાજ પ્રેરિત ખેડબ્રહ્મા સુથાર યુવા ગ્રુપ દ્વારા તૃતીય સમૂહ યજ્ઞોપવિત અને બાધા સમારોહ વિશ્વકર્મા ધામ શ્યામનાગર ખાતે રવિવારના રોજ યોજાયો હતો. જેમાં શનિવારના રાત્રીના રાસ ગરબાનું આયોજન કરવમાં આવ્યું હતું. રવિવારના રોજ ચાર બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર અને ૧૩ બટુકોની ચૌલક્રિયા કરવમાં આવી હતી. યજ્ઞોપવિત સંસ્કાર શાસ્ત્રી ભરતભાઈ જોશી, માર્કંડ જોશી, કશ્યપ જોશી દ્વારા કરવામાં આવી હતી. સમારોહના આયોજન માટે યુવા ગ્રુપના પ્રમુખ પ્રકાશભાઈ, ઉપપ્રમુખ યોગેશભાઈ એસ., મંત્રી જયંતીભાઈ, નિરવભાઈ, અશ્વિનભાઈ, કુમોદભાઈ સહિત સભ્યોએ જાહેમત ઉઠાવી હતી.

# ડીસા ઉત્તર પોલીસે દ્વારા વિદેશી દારૂ સાથે એક શખ્સની અટકાયત



જિલ્લા પોલીસ વડા તરુણ દુગલની સૂચનાના આધારે જિલ્લામાં દારૂ અને જુગારની પ્રવુતિ નેસ્તનાબૂદ થાય તેની અમલવારીના ભાગરૂપે સોમવારે ડીસા ઉત્તર પોલિસ મથકના પી.આઈ. જે. વાય. ચૌહાણ અને તેમની ટીમે મળેલ માહિતી આધારે ડીસા પલતન મંદિર નજીક રહેતા દિનેશ કાનજી ઠાકોરના રહેણાંક મકાનમાં તપાસ કરતા વિદેશી દારૂના ૧૬ ક્લાર્ટર મળી આવ્યા હતા. જેની કિંમત ૧૬૦૦ રૂપિયા થવા જાય છે. પોલીસે મુદ્દામાલ કબજે કરી પ્રોહીબિશન એકટ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા સિવિલ ખાતે હેલ્પ ડેસ્ક સેવાનો શુભારંભ



ડીસા

ડીસામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સચાલિત જનરલ હોસ્પિટલ ડીસા ખાતે સોમવારે ડીસા ધારાસભ્ય શશીકાન્ત પંડ્યાના હસ્તે કેશબારી અને હેલ્પ ડેસ્ક સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જનરલ હોસ્પિટલના અધિક્ષક ડો. રવિ રાજપુરોહિત, ડો. આકેદિવાળા, ડો. ખાન, નાયબ ઈજનેર એચ. કે. લીંબચીયા, ભાજપના મહેશભાઈ દવે, રાજુભાઈ ઠક્કર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ડીસા ધારાસભ્ય સશીકાંતભાઈ પંડ્યાએ રાજ્ય સરકારની વિવિધ તબીબી યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમજ ડીસા સિવિલ વિના મૂલ્યે શરૂ કરવામાં આવેલ ડાયાલિસિસ સેન્ટર વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. ડાયાબિટીસથી પીડાતા ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને તેનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં સિવિલના દર્દીઓ તેમજ ડોકટર અને અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.




## મોડાસામાં ડો. પ્રિયંકા ચતુર્વેદીના આરોપીઓને ફાંસીની માંગ સાથે કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલિ

ભારતના લોકોમાં હાલમાં હૈદરાબાદ રેપ કાંડના લીધે લોકોમાં ચોમેર રોષ જોવા મળ્યો છે. પશુ ડોક્ટર પ્રિયંકાની જે હાલત કરવામાં આવી એ નરાધમોને ફાંસી આપવાની માગ કરવામાં આવી રહી છે. એક મહિલા ડોક્ટરને ગેંગરેપ કરીને જીવતી સળગાવી દેવાની ઘટનાએ સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે અને આ ઘટના સામે દેખાવો શરૂ થઈ ગયા છે. સોશ્યલ મીડિયા પર પણ મહિલાને ન્યાય મળે તે માટે મેસેજનો મારો શરૂ થઈ ગયો છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસામાં પણ અગમ ફાઉડેન્શન દ્વારા રામ પાર્ક ચોકમાં કેન્ડલ લાઈટ સાથે પ્રદર્શન પણ કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ જોડાયા હતા અને જે પણ આરોપીઓ છે તેમની સામે આકરા પગલા લેવાની માગણી કરી હતી.

# મહારાષ્ટ્રથી વૈષ્ણવદેવી સુધી ૨ હજાર કિમીની દંડવત યાત્રા

## બાળકને કરંટ લાગતા બાળકના નવા જીવન માટે પિતાએ રાખેલી બાધા

હિન્દુ ધર્મમાં પદયાત્રાનું વિશેષ મહત્વ રહેલું છે. સમગ્ર દેશમાં આવેલા ધાર્મિક સ્થળોએ લોકો મોટી સંખ્યામાં પદયાત્રા યોજી મંદિરમાં બિરાજતા માતાજી અને ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે. સંતાન પ્રાપ્તિ માટે, નોકરી, ધંધા માટે અને પરિવારજનોની સુરક્ષા માટે બાધા, આખડી અને માનતા રાખતા હોય છે. મહારાષ્ટ્રના અમરાવતીના એક માઈભકતે તેના પુત્રને વીજ કરંટ લાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેના નવા જીવન માટે વૈષ્ણવદેવી દંડવત યાત્રાની બાધા રાખી હતી. પુત્રને નવજીવન પ્રાપ્ત થતા પરિવાર સાથે દંડવત યાત્રાએ નીકળતા અરવલ્લી જિલ્લામાં આગમન થતા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પરિવાર વીજકરંટથી ગંભીર ઈજાગ્રસ્ત બનેલ બાળકના પિતાએ તેના સારા સ્વાસ્થ્ય માટે રાખેલી બાધા પૂર્ણ કરવા ૯૦ દિવસ પહેલા મહારાષ્ટ્રથી નીકળેલ દંડવત યાત્રા સાથે પિતા અને તેમના પરિવારનું અરવલ્લી જીલ્લાના માલપુર નગરમાં આગમન થતા લોકોના ટોળેટોળા જોવા ઉમટ્યા હતા.



# પ્રાંતિજના કાટવાડ ખાતે વિકાસના કામોને લઈને ગ્રામજનો સાથે મિટીંગ યોજાઈ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાટવાડ ખાતે વિકાસલક્ષી કામોને લઈને ગ્રામજનો અને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર તથા તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ સાથે સીધી મિટીંગ યોજાઈ હતી. જેમાં ગામના વિકાસ સહિતની ચર્ચાઓ વિકાસલક્ષી યોજનાઓ વિષે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા માગ દર્શન પુરુ પાડવામા આવ્યું હતું. જેમાં આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ નિતીનભાઈ પટેલ સહિત ગામના સરપંચ, તલાટી સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાંતિજના કાટવાડ ખાતે વિકાસના કામોને લઈને ગ્રામજનો સાથે સીધી મિટીંગ યોજાઈ.

# મોડાસાની ઋષિકેશ સોસાયટી નજીક બેકાબુ કારે અન્ય ગાડીને ટક્કર મારી દીવાલ સાથે અથડાઈ

## ઘર આગળ રમતા ત્રણ બાળકોનો આબાદ બચાવ

મોડાસા, તા. ૨

મોડાસા શહેરમાં ટ્રાફિકના નિયમોનું અસ્તિત્વ જ ન હોય તેમ વાહનચાલકો બેફામ ગતિએ શહેરના માર્ગો પર વાહનો હંકારી નાના-મોટા અકસ્માત સર્જતા હોવાની ઘટનાઓ છાસવારે બનતી રહે છે. મોડાસાના માલપુર રોડથી મેઘરજ રોડને જોડતા ડીપીરોડ પરથી પસાર થઈ રહેલા કારચાલકે ઋષિકેશ સોસાયટી નજીક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા અન્ય કારને ટક્કર મારી ધડાકાભેર કોટની દીવાલ સાથે ટકરાઈ કાર અંદર ઘુસી જતા ભારે નાસભાગ મચી હતી. ઘર નજીક રમતા ત્રણ બાળકોનો આબાદ બચાવ થયો હતો. કારચાલક કાર ઘટનાસ્થળે મૂકી નાસી છૂટ્યો હતો.

રવિવારે સાંજના સુમારે મોડાસા શહેરના શ્રી રવિશંકર મહારાજ ડીપીરોડ પરથી પસાર થતા કારચાલકે કાર બેફિકરાઈ રીતે હંકારતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ પરથી પસાર થઈ રહેલ કારને ટક્કર માર્યા બાદ કાર બેકાબુ બનતા સતત રાહદારીઓ અને વાહનચાલકોથી ધમધમતા ડીપીરોડ પર અફડાતફડી મચી હતી. કાર ઋષિકેશ સોસાયટીના મકાનની દીવાલ સાથે ટકરાઈ ઘરના પરિસરમાં ઘુસી જઈ અટકી જતા ઘર નજીક રમતા ત્રણ બાળકોનો આબાદ બચાવ થયો હતો. ધડાકાભેર કાર દીવાલ સાથે અથડાતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. લોકોમાં ડીપીરોડ પરથી પુરપાટ ઝડપે પસાર થતા વાહનચાલકો સામે દંડાત્મક અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની હતી.



# મોડાસાના પાર્શ્વનાથ કોમ્પ્લેક્ષમાં આવેલા "દિલ્હી વેરી" કુરિયરમાં ચોરી

## ૨.૫ લાખ રોકડા રૂપિયા અને સીસીટીવી કેમેરાનું ડીવીઆરની લૂંટ

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં ચોર, લૂંટારૂ, ઘરફોડિયા ગેંગ અને ચેઈનસ્નેચર ગેંગ સતત ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરમાં સક્રિય તસ્કર ટોળકી અને ચેઈનસ્નેચર ગેંગ મનફાવે ત્યારે ત્રાટકે છે અને ચેઈનસ્નેચીંગ અને લૂંટની ઘટનાને અંજામ આપી પોલીસતંત્રને લપડાક આપી રહી છે. લોકોમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા પાર્શ્વનાથ આર્કેડ નામના કોમ્પ્લેક્ષમાં આવેલી "દિલ્હીવેરી પ્રાઈવેટ લિમિટેડ" કુરિયર ઓફિસમાં તસ્કરો ત્રાટકી શટર ઉંચુ કરી ઓફિસમાં રાખેલા ૨.૫ લાખ રૂપિયા રોકડા અને સીસીટીવી કેમેરાનું ડીવીઆર ઉઠાવી જતા ભારે ચકચાર મચી છે. મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજ રોડ પર આવેલા પાર્શ્વનાથ આર્કેડમાં આવેલી અને ઓનલાઈન પ્રોડક્ટ ડિલિવરીનું કામકાજ કરતી "દિલ્હીવેરી પ્રાઈવેટ લિમિટેડ" કુરિયર નામની કંપનીમાં કામકાજ કરતા કર્મચારીઓ શનિવારે સાંજે રાબેતા મુજબ ઓફિસ બંધ કરી ઘરે ગયા હતા. રવિવારે રાત્રીએ તસ્કરોએ ત્રાટકી કુરિયર કંપનીનું શટર વચ્ચેથી ઉંચુ કરી ઓફિસમાં ત્રાટકી ઓફિસમાં રાખેલા ૨.૫ લાખ રૂપિયા રોકડા અને ચોરીની ઘટના છુપાવવા તસ્કરોએ કુરિયર ઓફિસમાં લગાવેલા સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ ઉઠાવી ગયા હતા.




## પ્રાંતિજના દલપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો જેમાં દલપુર સહિત આજુબાજુના ગ્રામજનોએ લાભ લીધો હતો. પ્રાંતિજના દલપુર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં દલપુર ગ્રામજનો સહિત આજુબાજુમાંથી ગામજનોએ લાભ લાભ લીધો હતો. એક જ જગ્યાએ અને ઝડપથી સરકારી સેવાઓ મળી રહેતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ, રણજીતસિંહ રાઠોડ, ગામના સરપંચ પટેલ જાનકીબેન આશિષકુમાર, ડેપ્યુટી સરપંચ મકવાણા દાનસિંહ સરતાનસિંહ, તલાટી રણજીતસિંહ સહિત ગામજનો અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.